

**સાંધીનો સેવા કેમ્પ :** સાંધી ઇન્ડસ્ટ્રીઝ દ્વારા સર્વોદય ટ્રસ્ટના નેજા હેઠળ પદયાત્રાના અંતિમ પડાવમાં માતાના મઢ નજીક ગોરખ ટેકરી સામે સેવા કેમ્પમાં અવિરત યાત્રીઓ મસાજ, માલિશ, તાવ, માથાનો દુ:ખાવો, પગની સૂજન દૂર કરવાની સારવાર લઇ રહ્યા છે. માતાના મઢમાં નવરાત્રિના મેળા દરમિયાન રસ્તા ઉપર છૂટક વેપાર કરતા આર્થિક રીતે નબળા વર્ગના ધંધાર્થીઓ માટે પણ અહીં ભોજન વિગેરે ઉપલબ્ધ છે. ૫૦ જેટલા કર્મીઓ સેવા આપે છે. નવરાત્રિના અંતિમ દિવસ સુધી આ કેમ્પ ચાલુ રહેશે.